# હાજી ડી.વી.અધારીયા જાફરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

હાજી ડી.વી.અધારીયા જાફરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓમાં એક સારા વક્તા બનવાની કળાનો વિકાસ થાય તે હેતુથી તારીખ ૧૬/૧૨/૨૦૧૭ શનિવારના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓને ચિટ્ઠી ઉપાડીને જે વિષય આવે તે વિષય પર ૪મિનીટ સુધી પોતાના વિચારો રજૂ કરવાના હતાં.જેમાં પ્રવર્તમાન ભારતની સમસ્યાઓને લગતા વિષયો તેમ જ યુવાનોને લગતી સમસ્યાઓ સાથે સંબંધિત વિષયો રાખવામાં આવ્યા હતાં જેમ કે, **(1) GST (2) Indian Parliament System (3) Today's Youth in Politics (4) You're Perspectives at Maktabah Jafariyah (5) Central Education Board V/S State Education Board (6) Psychological effects of Advertisement (7) Charismatic Leadership Qualities.** આ સ્પર્ધામાં લગભગ ૧૬ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ પોતાની આવડત પ્રમાણે વક્તવ્ય આપ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ સિદ્દિકબેન અગ્રવાલ, આસિ.પ્રોફેસર સુણસરા અકબરઅલી અને આસિ.પ્રોફેસર નાગલપરા નજર મોહમ્મદએ નિર્ણાયકોની ભૂમિકા ભજવી હતી. તેમણે શ્રેષ્ઠ વક્તવ્ય આપનાર વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ ક્રમ આપ્યા હતાં.જે નીચે મુજબ છે:

| No. | Name | Class |
|---|---|---|
| 1st | Momin Mohammad Ali | T.Y.B.Com |
| 2nd | Bukhari Fatemasugrah | S.Y.B.Com |
| 3rd | Sunsara Inayatfatema | T.Y.B.Com |